# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 20-10-2024** **Evening : 7.10 to 7.20**
**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સંસ્કૃતિ ભુંડિયા** વાંચે છે.

---

- કેન્દ્રીય નાણાપંચની ટીમ આજથી ત્રણ દિવસની ગુજરાતની મુલાકાતે- નાણાપંચના સભ્યો આવતીકાલે મુખ્યમંત્રી સાથે બેઠક કરશે.
- અમદાવાદ ખાતે શોર્ટ ફેસ્ટ એવોર્ડ એનાયત કરતાં મુખ્યમંત્રીએ કહ્યું કે, સરકાર **ફિલ્મોદ્યોગને સહાયરૂપ થવા હંમેશાં તત્પર..**
- જૂનાગઢ મહાનગરપાલિકા દ્વારા યોજાયેલા સેવા સેતુ કાર્યક્રમમાં એક હજાર 978 અરજીઓનો સ્થળ પર જ નિકાલ.
- દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં બે દિવસ દરમિયાન ગાજવીજ સાથે ભારે વરસાદની આગાહી..
- વિધાનસભાની ચૂંટણી માટે ભાજપે મહારાષ્ટ્રમાં 99 ઉમેદવારોની પહેલી યાદી જાહેર કરી..

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# CENTRAL FINCE. TEAM GUJ. VISIT

સોળમાં કેન્દ્રીય નાણાપંચની ટીમ આજથી ત્રણ દિવસની ગુજરાતની મુલાકાતે છે. નાણાપંચના સભ્યો આવતીકાલે ગાંધીનગરમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ સાથે બેઠક કરશે. ત્યારબાદ તેઓ ઉદ્યોગ મહામંડળના પ્રતિનિધિઓ સાથે વાર્તાલાપ કરશે.

આ ત્રણ દિવસની મુલાકાત દરમિયાન નાણાપંચના સભ્યો વિવિધ રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ સાથે તેમજ શહેરી અને ગ્રામીણ સ્થાનિક સ્વરાજ સંસ્થાઓના અધિકારીઓ અને પ્રતિનિધિઓ સાથે વિચાર વિમર્શ કરશે..

# CM- SHORTFEST AWARD

**રાજ્ય સરકાર ફિલ્મોદ્યોગને સહાયરૂપ થવા હંમેશાં તત્પર હોવાનું મુખ્યમંત્રીએ જણાવ્યું છે.. ગુજરાતી ફિલ્મોને સહાયરૂપ થવા માટે રાજ્યની ફિલ્મ પ્રોત્સાહક નીતિ શ્રેષ્ઠ હોવાનો પણ મુખ્યમંત્રીએ ઉલ્લેખ કર્યો હતો..સપ્તરંગ સોસાયટી દ્વારા અમદાવાદ ખાતે આયોજીત શોર્ટ ફેસ્ટ એવૉર્ડમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ઉપસ્થિતિ રહ્યાં હતાં..**

**ગુજરાતની ભવ્ય સંસ્કૃતિ અને વિરાસતને ઉજાગર કરતી ફિલ્મોનું નિર્માણ કરવા ઉપર મુખ્યમંત્રીએ ભાર મૂક્યો હતો..**

ગુજરાત પ્રવાસન વિભાગ, વિશ્વ સંવાદ કેન્દ્ર, ભારતીય ચિત્ર સાધનાના સંયુક્ત ઉપક્રમે શોર્ટ ફિલ્મ બનાવનારા સર્જકોને પ્લેટફોર્મ અને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ સાથે બે દિવસીય સપ્તરંગ શોર્ટફેસ્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ વિષયો પર કુલ ૨૭૭ જેટલી શોર્ટ ફિલ્મ્સની એન્ટ્રી નોંધાઈ હતી. જેમાંથી ૩૭ ફિલ્મનું સ્ક્રીનિંગ કરવામાં આવ્યું હતું તેમજ બે માસ્ટર ક્લાસનું આયોજન પણ કરવામાં આવ્યું હતું.

**(બાઇટ- મુખ્યમંત્રી)**

# GANDHINAGAR TRAINING

ગાંધીનગર ખાતે ગુજરાત વિધાનસભામાં 22 ઓક્ટોમ્બરે કાયદાના ડ્રાફટીંગ માટે તાલીમ વર્ગ યોજાશે..લેજિસ્લેટિવ ડ્રાફટીંગ તાલીમના કાર્યક્રમમાં અધિકારીઓને તાલીમ અપાશે.. દેશના ગૃહમંત્રી અમિત શાહની ઉપસ્થિતિમાં આ તાલીમ વર્ગ યોજાશે..મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ સહીત મંત્રીમંડળ તેમજ ધારાસભ્યો અને સાંસદો પણ આ તાલીમ વર્ગમાં ઉપસ્થિત રહેશે..

# SEVA SETU- JUNAGADH

જૂનાગઢ મહાનગરપાલિકા દ્વારા શહેરીજનો માટે સેવાસેતુ કાર્યક્રમ યોજાયો હતો.. રાજય સરકાર અને મહાનગરપાલિકાની યોજનાઓ, સહાયો, જાહેર સેવાઓને લગતા પ્રશ્નોની ૧ હજાર ૯૭૮ અરજીઓનો સ્થળ ઉપર જ નિકાલ કરવામાં આવ્યો હતો. સેવા સેતુ કાર્યક્રમના તૃતીય તબકકામાં ૨૨ સ્ટોલ કાર્યરત કરવામાં આવ્યા હતા.

સરકારનાં જુદા-જુદા ૧૩ વિભાગોની ૬૧ યોજના હેઠળ લાભ આપવામાં આવે છે. જેમાં આધારકાર્ડ નોંધણી, મા અમૃતમકાર્ડ નોંધણી, જન્મ મરણ નોંધણી, સખી મંડળ, જનધન યોજના, મામલતદાર કચેરી દ્વારા રેશનકાર્ડમાં નામ ફેરફાર, આવકના દાખલા, જાતીના દાખલા, જુદી-જુદી બેંકો દ્વારા ખાતા ખોલવા, વિજળીકરણ, સ્વરોજગાર યોજના ગુજરાત એસ.ટી. નિગમ દ્વારા માસિક પાસ તથા ઓનલાઈન રીર્ઝવેશન વગેરે બાબતોના સ્ટોલ કાર્યરત કરવામાં આવેલ અને વ્યકિતલક્ષી રજૂઆત પણ ધ્યાને લઈ તેનો નિકાલ કરાયો છે..

# RAIN DIST.

બોટાદ જિલ્લાના ગઢડા સહિત આસપાસના ગ્રામ્ય વિસ્તારમાં વરસાદ પડ્યો છે.

કચ્છ જિલ્લામાં વાતાવરણમાં પલ્ટો આવતા ભુજ, માંડવી-મુન્દ્રા અને અબડાસા સહિત ગ્રામ્ય વિસ્તારમા વરસાદ ચાલુ હોવાના અહેવાલ છે. તો રાજકોટમાં પણ ધોધમાર વરસાદ નોંધાયો છે.

દ્વારકા જિલ્લામાં સાર્વત્રિક વરસાદ નોંધાયો છે. ખંભાળિયા અને કલ્યાણપુરમાં  3-3 ઇંચ વરસાદ થતાં ઠેર-ઠેર પાણી ભરાયા હતા.

અમરેલી જિલ્લામાં અડધાથી લઇ પાંચ ઇંચ સુધી વરસાદ થયાના અહેવાલ છે. વરસાદને પગલે અમરેલીના બગસરા તાલુકાનો મુંજીયાસર ડેમ ઓવરફ્લો થયો છે.

# WEATHER

હવામાન વિભાગે આગામી 48 કલાકમાં દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં ગાજવીજ સાથે ભારે વરસાદ થવાની આગાહી કરી છે. પાંચ દિવસ બાદ લઘુત્તમ તાપમાનમાં એક-બે ડિગ્રીનો ઘટાડો જોવા મળી શકે છે. હવામાન વિભાગની આગાહી અનુસાર આગામી 24 કલાકમાં દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના જિલ્લાઓમાં ગાજવીજ સાથે ભારે વરસાદની શક્યતાઓ છે. રાજકોટ, જુનાગઢ, ગીર સોમનાથ, અમરેલી, ભાવનગર, દીવ, તાપી, નવસારી, ડાંગ, વલસાડ, દમણ, દાદરા નગર હવેલીમાં હવામાન વિભાગે યલો એલર્ટ જાહેર કર્યું છે.

દરમિયાન, ગઇકાલે મધ્ય ગુજરાતના ભાગોમાં સાંજના સમયે ભારે ગાજવીજ સાથે વરસાદ વરસ્યો હતો. અમદાવાદ શહેરમાં પણ ભારે ગાજવીજ સાથે વરસાદ થયો હતો. આજે પણ અમદાવાદ જિલ્લામાં ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદ થવાની સંભાવના છે.

# GU. KARNAVATI LOKMANTHAN

વિસરાઈ રહેલી લોકકલા- લોકસંસ્કૃતિ- લોકનૃત્યો અને લોકવાનગીને મુખ્યધારામાં લાવવા માટે આવતીકાલથી કર્ણાવતી લોકમંથન કાર્યક્રમ યોજાશે.

બે દિવસીય આ કાર્યક્રમમાં વિવિધ નૃત્ય, સંગીત, વાજિંત્ર વાદન, નાટક, ભવાઇ, ગરબા રજૂ કરવામાં આવશે તેમજ વાચિકમ અને સંવાદ સત્ર યોજાશે.

ભારતીય વિચાર મંચ અને ગુજરાત યુનિવર્સિટી દ્વારા 21 અને 22 ઓક્ટોબરે શ્યામાપ્રસાદ મુખર્જી સભાગૃહ, ગુજરાત યુનિવર્સિટી ખાતે આ કાર્યક્રમ યોજાશે..

નાગરિકો બપોરે 2 વાગ્યાથી રાત્રે 10 વાગ્યા સુધી અને 22 ઓક્ટોબરે સવારે 9 વાગ્યાથી રાત્રે 10 વાગ્યા સુધી આ કાર્યક્રમની નિઃશુલ્ક મુલાકાત લઈ શકશે તેમ ભારતીય વિચાર મંચના સહમંત્રી જ્વનિલ દ્વિવેદીએ જણાવ્યું હતું,

**(બાઇટ- જ્વનિલ દ્વિવેદી)**

# BJP---MAHARASHTRA

ભારતીય જનતા પાર્ટીએ આગામી મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી માટે 99 ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરી છે. નાયબ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ નાગપુર દક્ષિણ પશ્ચિમ વિધાનસભા બેઠક પરથી ચૂંટણી લડશે અને મહારાષ્ટ્ર ભાજપના વડા ચંદ્રશેખર બાવનકુલે કામઠીથી પક્ષના ઉમેદવાર હશે. રાજ્યમંત્રી ગિરીશ મહાજન જામનેરથી અને સુધીર મુનગંટીવાર બલ્લારપુર વિધાનસભા મતવિસ્તારથી ભાજપના ઉમેદવાર હશે.

મહારાષ્ટ્ર વિધાનસભાની તમામ 288 વિધાનસભા બેઠકો માટે 20 નવેમ્બરે ચૂંટણી યોજાશે અને 23 નવેમ્બરે મતગણતરી થશે.

# SOU- PM LOKARPAN

રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી નિમિત્તે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આગામી 31 ઓકટોબરે એકતાનગર આવે તેવી શક્યતા છે. તેઓ પ્રવાસીઓની સુવિધા માટે વિવિધ પ્રકલ્પોનું લોકાર્પણ કરશે. આ અંગેની માહિતી સ્ટેચ્યુ ઓફ યુનિટીના સીઇઓ ઉદિત અગ્રવાલે આપી હતી.

**(બાઇટ- ઉદિત અગ્રવાલ- સીઇઓ- SOU)**

# RAJYPAL- UNA GURUKUL

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે આજે ગીર-સોમનાથ જિલ્લાના ઉના ખાતે શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળ રાજકોટ સંસ્થાનનીનૂતન શાખા સ્વામિનારાયણ ગુરૂકુળ તેમજ સહજાનંદ ધામનું ભૂમિપૂજન તેમજ શિલાન્યાસ કર્યું હતું. રાજ્યપાલે કહ્યું કે, ગુરૂકુળ દ્વારા સમાજને સંસ્કારી અને શિક્ષિત-દીક્ષિત બનાવવાનું કાર્ય કરવામાં આવે છે. ગુરુકુળ પરંપરાને આગળ ધપાવતાં આજે રાજ્યમાં 61મા ગુરૂકુળની સ્થાપના થઈ છે તેનો તેમણે આનંદ વ્યક્ત કર્યો હતો.

તેમણે જણાવ્યું હતું કે, સાધુ-સંતો ગુરૂકુળની સ્થાપના દ્વારા ભારતના દિવ્ય બાળકોના નિર્માણ માટે કાર્ય કરી રહ્યાં છે. ગુરૂકુળ એ બે-ચાર બાળકોનું ઘર નથી એ તો અનેક બાળકોના ઘડતરનું કેન્દ્ર છે. આ પ્રસંગે ઉપસ્થિત કૃષિકારોને સંબોધતા તેમણે પ્રાકૃતિક ખેતીને અપનાવવા અપીલ કરી હતી.

# PATAN ATAL BHUJAL YOJNA

પાટણ ખાતે અટલ ભુજળ યોજના અંતર્ગત સરકાર દ્વારા કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું જેમાં પાણીનો જરૂર પ્રમાણે જ ઉપયોગ કરવા અને પાણીનું મૂલ્ય સમજવા સૌને અનુરોધ કરાયો હતો.

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના કન્વેન્શન હોલ ખાતે અટલ ભૂજલ યોજના સ્ટેટ પ્રોગ્રામ મેનેજમેન્ટ યુનિટ તેમજ ગુજરાત જળસંપતિ વિકાસ નિગમ લિમિટેડ ગાંધીનગર અને ખેતી નિયામક કૃષિ ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ ગુજરાત દ્વારા કાર્યશાળાનું આયોજન કરાયું હતું.

ઉત્તર ગુજરાતમાં ડાર્કઝોન બાદ જમીનમાં પાણીના સ્તરને ઉપર લાવવાનું કામ સરકાર દ્વારા થઈ રહ્યું છે. ઉત્તર ગુજરાત ઓવર એક્સપ્લોઈટેડ અને ક્રિટીકલ હેઠળ આવતું હોય આ યોજના હેઠળ ભૂગર્ભ જળમાં વધારો કરી ખેડૂતો પિયત દરમિયાન પાણીનો કાર્યક્ષમ અને જરૂર પૂરતો ઉપયોગ કરી

પાણીનો બચાવ કરે તો આવનારા સમયમાં આ સમસ્યા નિવારી શકાય તે હેતુથી આ વર્કશોપ યોજવામાં આવ્યો હતો.